# અરવલ્લી જિલ્લાની માઝુમ જલાગાર યોજના નિષ્ફળ : કરોડો રૂપિયા પાણીમાં

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ૩૦ થી વધુ ગામોના થયાનું જણાઈ રહ્યું છે જેથ આ યોજના ફરીથી ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

લોકોની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તે માટે સરકારે કરોડો રૂપિયાના ખર્ચે ચરણવાળા ગામ નજીક માજુમ જલાગાર યોજના અમલમાં મુકી હતી. આ યોજના અંગેની તમામ કામગીરી પૂર્ણ થયે ૧૫ વર્ષ ઉપરાંતનો સમયગાળો વીતી ગયો હોવા છતાં ૧ લાખ જેટલા લોકોને પાણીની સમસ્યા યથાવત રહેતા આ યોજના હેઠળ ખર્ચાયેલ કરોડો રૂપિયાનો વ્યર્થ

અરવલ્લી જિલ્લાના મોડાસામાં આજથી લગભગ ૧૫ વર્ષ પહેલા કરોડોની યોજના એટલે કે માજુમ જૂથ પાણી પુરવઠા યોજના સરકાર દ્વારા કરોડોના ખર્ચ કરી ચાલુ કરવામાં આવી હતી. જેનો હેતુ હતો ૩૦ ગામોના ૧ લાખ લોકોને પીવાનું પાણી આપવાનો પણ લોકોને પાણી તો ન મળ્યુ અને આ યોજના પાછળ કરોડોનો મેન્ટેનન્સ ખર્ચ થઈ ગયો.

આ પાણીની ટાંકીના ઉદ્‌ઘાટન વતે મોટી મોટી જાહેરાતો કરવામાં આવી હતી. પણ આ યોજનાનો લાભ આજ દિન સુધી એક પણ ગામવાસીને મળ્યો નથી. અને લોકો માટે આ યોજના હેઠળ પાણી મળે તે એક સપનું બની ગયું છે.

પડી રહી છે અને લોકો પાણી માટે આમ તેમ ફરી રહ્યા છે. ત્યારે દરેક પંચાયત પોતાને આ યોજનાનું પાણી મળે તેવી માંગ કરી રહી છે. આ યોજના હાલ તો કાગળ ઉપર જ ચાલે છે અને જે તે પંચાયતોને મસ મોટા બીલ ફટકારવામાં આવે છે



જેથી સરકાર આ યોજના તરફ ધ્યાન આપે અને યોજના ફરી સારૂ કરે અને ૧ લાખ લોકોને પીવાનું પાણી મળે તેવી આ વિસ્તારની પ્રજાની માંગ છે.

ઉનાળાની કાળઝાળ ગરમી

જેથી લોકોની ઉગ્ર માંગ છે કે આ તમામે તમામ ૩૦ ગામોને પાણી પુરૂ પાડવામાં આવે તેવી માંગ ઉઠી છે. નહિ તો આવનાર દિવસોમાં લોકો પાણી માટે આંદોલન કરશે તો નવાઈ નહિ.




(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# મોડાસા શહેરને સલામત બનાવનાર સીસી ટીવી કેમેરાના વાયર જ અસલામત


મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં થોડાક જ મહિના પહેલા યોજાયેલા રવિકૃષિ મહોત્સવમાં રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં મોડાસા શહેરને અત્યાધુનિક શહેર અને સલામત નગર બનાવવા માટે મોડાસા નગરપાલિકા અને મોડાસા વહિવટી તંત્ર દ્વારા જોરશોરથી મોડાસા શહેરને દેશનું સૌપ્રથમ વાઈફાઈ સુવિધાથી સજ્જ શહેર અને શહેરની સલામતી વધારવા માટે મોડાસા નગરપાલિકા અને અરવલ્લી જિલ્લા પોલીસે સંયુક્ત પણે શહેરના મુખ્યમાર્ગો પર સીસીટીવી કેમેરા લગાવવાની જાહેરાત કરી હતી. ઉતાવળે કરેલી જાહેરાત પછી હમણાં થોડા જ સમય પહેલા મોડાસા શહેરના મુખ્યત્વે માર્ગો પર સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. પરંતુ મોડાસા શહેરની કેટલાક વિસ્તારમાં સીસીટીવી કેમેરાના વાયર પાંચ ફૂટ જેટલી ઉંચાઈએ લગાડ્યા હોવાથી અને અમુક વિસ્તારમાં સીસીટીવી કેમેરાના વાયરો તુટી પડતાં શહેરમાં સીસીટીવી કેમેરા પ્રોજેક્ટ સામે અનેક પ્રશ્નાર્થ નગરજનોમાં ઉદ્‌ભવી રહ્યા છે.

મોડાસા શહેરને સુરક્ષા પુરી પાડવા અને સલામત નગરના નિર્માણ માટે મોડાસા નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. પરંતુ સીસીટીવી કેમેરા લગાડવા ઉભા કરેલા ટાવર પર ફક્ત પાંચ ફૂટ ઉંચાઈએ જ કેમેરાની પેટીઓ ફીટ કરી સંતોષ વ્યક્ત કરી બુદ્ધીમતાનું પ્રદર્શન કરતા હોય તેવું જણાઈ રહ્યું છે. અસામાજીક તત્વો કે ટીખળખોર વ્યક્તિ પણ આ કેમેરાના વાયરોની ઉંચાઈ ઓછી હોવાથી તોડી નાખી શકે છે. અને સીસીટીવી કેમેરા હોવા છતાં સુરક્ષાનો હેતુ સર થવાના અણસાર જણાતા નથી. મોડાસા નગરપાલિકાએ અસામાજીક પ્રવૃત્તિઓ અને ગુનાખોરીને ડામવા શહેરમાં લાખ્ખો રૂપિયાના ખર્ચે ઠેર ઠેર સીસીટીવી કેમેરા લગાવાયા પરંતુ તંત્રવાહકોએ પોતાની અજ્ઞાનતા સાબીત કરી હોય તેવુ લાગી રહ્યું છે. જો ખરેખર મોડાસા શહેરને સુરક્ષીત બનાવવુ જ હોય અને અસામાજીક તત્વોને કાબુમાં રાખવા હોય તો સીસીટીવી કેમેરાના વાયરીંગ ૧૦ ફૂટથી વધારે ઉંચાઈએ રાખી સીસીટીવી કેમેરાની પેટીઓ ફીટ કરવી જોઈએ. જો સામાન્ય વ્યક્તિ પણ આ હકીકત સમજી શકતી હોય તો નગરપાલિકા તંત્રને કેમ ખબર ના પડી તેવા પ્રશ્નો લોકના મનમાં ઉદ્‌ભવી રહ્યા છે. જ્યારે મેઘરજ બાયપાસ રોડ પર તો સીસીટીવી કેમેરા લગાવતાના થોડાક જ સમયમાં વાયરો નીચે તરફ ઝોલા ખાઈ રહ્યા છે. અને તૂટી પડેલા નજરે પડતા હોવાથી નગરપાલિકા તંત્ર કામગીરી સામે પ્રજાજનો આંગળી ચીંધી રહ્યા છે. મોડાસા નગરપાલિકા અને અરવલ્લી જિલ્લા પોલીસ તંત્ર મોડાસા શહેરને ખરેખર સુરક્ષિત બનાવવા માંગી રહ્યા છે કે શહેરની મજાક ઉડાવી રહ્યા છે.



(તસવીર : જય અમીન, મોડાસા)



## સાબરકાંઠામાં ૨૪૮૭ વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ગુરુવારે ૧૧ કેન્દ્રોપર ૨૪૮૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જો કે પરીક્ષા સીસીટીવી હેઠળ લેવામાં શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી પ્રકાશ ત્રિવેદીએ જણાવેલ કે ગુરુવારના રોજ જિલ્લા મથક હિંમતનગર ખાતોના સીસીટીવી ધરાવતા ૧૧ કેન્દ્રો પર ધોરણ-૧૨ના કુલ ૨૫૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૨૪૮૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જેમાં ૧૨૫૩ વિદ્યાર્થીઓ અને ૧૨૬૩ વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે જયારે ૨૯ વિદ્યાર્થીઓ ગેર હાજર રહ્યા હતા. આ પરીક્ષા કેન્દ્ર પર જિલ્લા કલેકટર અને જિલ્લા પોલિસ વડાએ નિરીક્ષણ કર્યું હતું અને દરેક પરીક્ષા કેન્દ્ર પર એક વર્ગ-૧ના અધિકારી હાજર રહ્યા હતા સાથે ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ૧૧થી ૨ સુધી ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

## તલોદના પત્રકાર દશરથ વણઝારાના માતૃશ્રીનું ટુંકી માંદગી બાદ અવસાન

તલોદ, તા. ૭

તલોદના પત્રકાર દશરથ વણઝારાના માતૃશ્રી ગં.સ્વ. ગંગાબેન વલાજી વણઝારાનું ટુંકી બિમારીના અંતે અવસાન થયું છે. તા. ૬-૫-૧૫ને સવારે સદ્‌ગતની નિકળેલી અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો સામેલ થઈ શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. મંગળવાર સમી સાંજે અંતિમ શ્વાસ લઈ આ દુનિયાને અલવિદા કરનાર સદ્‌ગત પોતાની પાછળ ચાર પુત્રો અને બે પુત્રીને વિલાપ કરતા મુકી ગયા છે. વર્ષોથી તલોદમાં સ્થાયી થયેલા આ વણઝારા પરિવારના મોભીના અવસાનને શહેરના લોકોએ તેમના ભુતકાળના સંસ્મરણો તાજા કરી તેમના કાર્યોની સરાહના કરી હતી.

## ભિલોડા તાલુકાના ડોડીસરા ગામ પાસે વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ડોડીસરા ગામ પાસેથી રૂા.૩૫,૨૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો છે.ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રોના જણાવ્યા મુજબ ડોડીસરા ગામ પાસેથી રૂા. ૩૫,૨૦૦/-નો વિદેશી દારૂ પાસ પરમીટ વિનાનો પોલીસે ઝડપી લીધો હતો.વિદેશી દારૂનો એક બુટલેગર કાર લઈ ફરાર થઈ ગયો હતો.ભિલોડા તાલુકાના ડોડીસરા ગામના રહેવાસી દશરથભાઈ નિનામા અને અનિલભાઈ નિનામા દારૂના બુટલેગરો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરી પોલીસે ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.ભિલોડા પી.એસ.આઈ. એચ.પી.ઝાલા વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.ભિલોડાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના માર્ગો વિદેશી દારૂના બુટલેગરો માટે સર્ગ સમાન હોવાનું લોકમુખે જાણવા મળેલ છે.

## ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામના આર્મી જવાનનું ટ્રેનમાંથી પડી જતાં આકસ્મિક અવસાન

ભિલોડા,તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામના આર્મી જવાનનું ટ્રેનમાંથી પડી જતાં આકસ્મીક અવસાન થયેલ છે.અંતિમ યાત્રામાં દેશપ્રેમી લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ભિલોડા તાલુકાના વાંકાનેર ગામના આર્મી જવાન છેલ્લા ૧૯ વર્ષથી આર્મીમાં ફરજ બજાવતા હસમુખભાઈ દોલજીભાઈ બળેવા આ. ઉં. વર્ષ. ૩૮ છે. માં ભોમની રક્ષા કાજે ફરજ બજાવી રહ્યા હતા. આર્મી જવાન રજા ગાળવા માટે માદરે વતન વાંકાનેર છાપરાં ગામમાં રજાઓ ગાળવા આવતા હતા. રાજસ્થાન રાજયના અર્જુનસર રેલ્વે સ્ટેશન ઉપર ટ્રેનમાંથી પડી જતાં તેમના શરીર ઉપર વત્તા-ઓછા પ્રામણમાં ગંભીર ઈજાઓ થતાં કરૂણ મોત નિપજ્યું હતું.



ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામમાં માદરે વતનમાં તા.૬/૫/૨૦૧૫ ને બુધવારના રોજ સમી સાંજે મૃતદેહ આર્મીના જવાનો મારફતે લવાયો હતો. ભિલોડા તાલુકાના વાંકાનેર ગ્રામ પંચાયત સરપંચ વિનોદભાઈ બરંડા, એડવોકેટ, ભિલોડા સહિત વાંકાનેર ગામના ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આર્મી જવાનની અંતિમ યાત્રામાં માનવ મેદની ઉમટી હતી. આર્મી જવાનની અંતિમવિધિમાં દેશપ્રેમી લોકો અને ગ્રામજનોની ઉપસ્થિતીમાં સન્માન સાથે ગાર્ડ ઓફ ઓનર આપી આર્મી જવાનને સામાજીક રીતી-રીવાજો મુજબ સમાધી આપવામાં આવી હતી. ઉપસ્થિત લોકોની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી થઈ હતી. ભિલોડા તાલુકાના વાંકાનેર છાપરાં ગામ સહિત આ વિસ્તારમાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

આર્મી જવાન સ્વ. હસમુખભાઈ બળેવાના પરીવારમાં પત્ની શર્મીલાબેન, બે પુત્રીઓ, એક પુત્ર છે.પરીવારના મોભીનું એકા-એક દુઃખદ્ અવસાન થતાં પરીવારજનો ઉપર ભારે આફત સર્જાઈ હતી. વાંકાનેર છાપરાં ગામમાં બળેવા પરીવારજનોએ ભારે રોકકળ કરી મુકી હતી. ઉપસ્થિત લોકોની આખોમાંથી અશ્રુંઓની ધારાઓ વહેતી થઈ હતી. આર્મીના જવાનોએ વાંકાનેર ગામના મૃતક હસમુખભાઈ બળેવાના પરીવારજનોને સાંત્વના આપી હતી.



અરવલ્લી જિલ્લાના વડાગામની નજીકના રાજપુર ગામમાં બ્રહ્માણી માતા, જોગણીમાતા અને ગોગા મહારાજના મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારે શ્રદ્ધાભાવપૂર્વક ઉજવાયો હતો. પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજા અર્ચના અને હોમ હવન જેવા અનેક ધાર્મિક વિધિનો ભાવિકોએ લાભ લીધો હતો. આ ધાર્મિક કાર્યક્રમમાં બળવંતભાઈ બામણીયા, અર્જૂનસિંહ સિસોદીયા, રાજેન્દ્રભાઈ પરમાર. ચંદનસિંહ સિસોદીયા, ગોકળદાસ પટેલ વગેરે અગ્રણીઓ હાજર રહ્યા હતા. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# ખેડબ્રહ્મામાં ઘઉંની ખરીદીના મુદ્દે ખેડૂતો ઉશ્કેરાયા

### પુરવઠા નિગમના ગોડાઉન મેનેજર ઘઉંની ગુણવત્તાના બહાને ખેડૂતોને કનડગત કરતા હોવાની ઉચ્ચકક્ષાએ કિસાન સંઘ દ્વારા રજુઆત : પુરવઠા મંત્રીની દરમિયાનગીરી બાદ પાલનપુરથી દોડી આવેલા ડી.જી.આઈ.એ ઘઉં ખરીદી મામલો થાળે પાડ્યો

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્માના માર્કેટયાર્ડમાં ગુરૂવારે ઘઉંના ૩૦ કરતાં વધુ ટ્રેક્ટરના ઘઉં ગુણવત્તા મુજબના નહી હોવાનું કહી પુરવઠા નિગમે ખરીદી કરવાનું ના પાડતા ખેડૂતો ઉશ્કેરાયા હતા. પાલનપુરથી દોડી આવેલા ડીજીઆઈ સાથે પુરવઠા મંત્રીએ વાત કરી દરમિયાનગીરી બાદ રૂ. ૨૯૦ ના ભાવે ઘઉં ખરીદાતાં મામલો શાંત પડ્યો હતો.

ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં ગુરૂવારે સવારથી જ ખેડૂતો હજારો મણ ઘઉં લઈ વેચવા આવ્યા હતા. પણ પુરવઠા નિગમના ગોડાઉન મેનેજર બી.બી. પટેલ દ્વારા ઘઉ સરકારના ધારાધોરણ મુજબ ક્વોલીટી ન હોવાનું જણાવી ઘઉંની ખરીદી કરવાની ના પાડી દીધી હતી. જેથી ખેડૂતો વિફર્યા હતા અને ગોડાઉન મેનેજરને ઘઉ ખરીદવા રજુઆત કરી હતી. નીચી ધનાલના પટેલ નટવરભાઈ તેજાભાઈ, લક્ષ્મીખુરાના પ્રભુદાસ હરીભાઈ પટેલ પાદરડીના મનુભાઈ જગુભાઈ પટેલ તથા રૂદમાળાના પુજાભાઈ તેજાભાઈ પટેલ સહીતના ૩૫ કરતાં વધુ ખેડૂતોનો રોષ જોતા મેનેજરે ઉચ્ચકક્ષાએ રજુઆત કરતાં પાલનપુરથી ડીજીઆઈ એસ.એસ. પટેલ ખેડબ્રહ્મા દોડી આવ્યા હતા અને ખેડૂતો સાથે ચર્ચા શરૂ કરી હતી. દરમિયાન કિસાન સંઘના મંત્રી દિનેશભાઈ પી. પટેલે પુરવઠા મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે ટેલીફોન ઉપર વાત કરાયા પછી ગઉં ખરીદી શરૂ કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા તાલુકા કિસાન સંઘના પ્રમુખ વક્તાભાઈ પી. પટેલ તથા મંત્રી દિનેશભાઈ પી. પટેલે ખેડબ્રહ્મામાં ઘઉંની ખરીદી સેન્ટર શરૂ થયા પછી ગોડાઉન મેનેજર બી.બી. પટેલ વિવાદમાં રહ્યા છે. અને ખેડૂતોને કનડગત કરતા હોવાનો આક્ષેપ કરી જનરલ મેનેજરને લેખિત રજુઆત કરી છે. ખેડબ્રહ્મા માર્કેટયાર્ડમાં રીજેક્ટ કરેલા ઘઉ વડાલી સેન્ટર દ્વારા ખરીદી કરાઈ હોવાનું પણ રજુઆતમાં જણાવવામાં આવ્યું છે. તા. ૨૨ એપ્રિલના રોજ ઘઉંના ભાવના મુદ્દે ખેડૂતો દ્વારા કરેલા ચક્કાજામનો પણ રજુઆતમાં ઉલ્લેખ કરાયો છે. ખેડબ્રહ્મા સેન્ટરમાં રીજેક્ટ થયેલા ઘઉંના સેમ્પલ પ્રદેશ સહમંત્રી દ્વારા જનરલ મેનેજરને પહોંચાડ્યા હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

ખેડબ્રહ્મા માર્કેટયાર્ડના સેક્રેટરી ડી.પી. દેવડાના જણાવ્યા અનુસાર ગુરૂવારે ૩૦ કરતાં વધુ ટ્રેક્ટરમાં અંદાજે ૩૫૦૦ મણ ઘઉં લઈ ખેડૂતો આવેલા જે પુરવઠા નિગમના ડીજીઆઈ એસ.એસ. પટેલની દરમિયાનગીરી પછી રૂ. ૨૯૦ના ભાવે ખરીદવામાં આવ્યો છે.

ગુજરાત પુરવઠા નિગમના ખેડબ્રહ્મા સેન્ટરમાં મુકવામાં આવેલા અધિકારી બી.બી. પટેલ ગોડાઉન મેનેજર છે. પણ ગ્રેડર નથી જેથી ઘઉંના ગ્રેડેશન મામલે પ્રશ્નો ઉભા થતા હોવાનું ખેડૂતો અંદર અંદર ચર્ચા કરતા સાંભળવા મળ્યા હતા.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧